**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# પાકિસ્તાન ખાતે રોકાણ આકર્ષણ મિશન દરમિયાન સિટી ઓફ બ્રૅમ્પટન GT20, બીહાઈવ (BHive) અને અલ્ગોમા બ્રૅમ્પટન (Algoma Brampton)ને આગળ વધારે છે

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (12 મે 2023) – આ અઠવાડિયે સિટી ઓફ બ્રૅમ્પટને તેનું પાકિસ્તાન ખાતે પ્રથમ સફળ રૂબરૂ રોકાણ મિશન પૂર્ણ કર્યું, જ્યાં ચૂંટાયેલ સત્તાધારીઓ અને આર્થિક વિકાસ વિશેષજ્ઞોનું પ્રતિનિધિમંડળ સંભવિત ભાવિ રોકાણકારો અને વ્યાપારિક ભાગીદારોને મળ્યા.

મિશનના વડા મેયર પેટ્રિક બ્રાઉન હતાં અને તેમાં, સિટી કાઉન્સિલર રૉડ પાવર, કૅનેડા પાકિસ્તાન બિઝનેસ કાઉન્સિલ પ્રમુખ અને અલ્ગોમા યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર અસિમા સી વેઝિના અને ડિરેક્ટર ક્લેર બાર્નેટ સહિત સિટી ઓફ બ્રૅમ્પટનની આર્થિક વિકાસ કચેરીના સભ્યો સામેલ હતાં.

પ્રતિનિધિમંડળ અગ્રણી કંપનીઓ નેટસોલ ટેકનોલોજી અને કૉન્ટૂર સોફ્ટવેર હાઉસ સાથે મુલાકાત કરી તેમજ સાયબર સિક્યોરિટી, મેડિકલ ટેકનોલોજી અને એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગના એક્ઝિક્યુટિવો સાથે મુલાકાત કરી જે સિટીના ચાવીરૂપ વિકાસ સેક્ટરો સાથે સંરેખિત છે. સિટી ઓફ બ્રૅમ્પટનનું લક્ષ્ય ડેટા સંચાલિત વિશ્લેષણ પર આધારિત રોકાણ આકર્ષણ મિશન માટેના ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે દર્શાવે છે કે અગાઉના આંતરરાષ્ટ્રીય પ્રયાસો, બ્રૅમ્પટનના વિવિધ લોકસમૂહ, વસ્તી વિષયક સમાનતાઓ અને બિઝનેસ રિટેન્શન એન્ડ એક્સપાન્શન (BR&E) અવસરોના આધારે કયા બજારોમાં રોકાણ અને લાંબા ગાળાની રોજગારી વૃદ્ધિ માટે સૌથી મોટા અવસરો છે.

તેમની તાજેતરની બ્રૅમ્પટનમાં વિસ્તરણની જાહેરાતના સંદર્ભે મેયર બ્રાઉને યુનિટી ટેકનોલોજીની મુલાકાત લીધી અને અબુ ધાબીમાં પાકિસ્તાન ખાતે રોકાયા ત્યારે તેમના સેંટર ઓફ એક્સેલેન્સની ટૂર કરી. બ્રૅમ્પટનનું ઈનોવેશન ડિસ્ટ્રિક્ટમાં થોડા જ સમયમાં અલ્ગોમા યુનિવર્સિટી સાથે યુનિટીના નેશ્નલ સેંટર ઓફ એક્સલન્સ આકાર લેશે જ્યાં વિડિયો ગેમિંગ સેક્ટરની પ્રતિભાનો વિકાસ કરાશે. પીડબલ્યુસીના ગ્લોબલ એન્ટરટેનમેંટ એન્ડ મિડિયા આઉટલૂક 2022-2026 રિપોર્ટમાં આગાહી કરવામાં આવી છે કે વૈશ્વિક વિડિયો ગેમ્સ અને ઈસ્પોર્ટ્સ રેવેન્યુ 2026માં US$323.5 બિલિયન જેટલું વિકસશે. આ ઉદ્યોગમાં આવો અપવાદરૂપ વિકાસ જોવામાં આવ્યો છે ત્યારે સિટી આ તક પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને ભવિષ્યના રોજગાર સિટીમાં લાવી રહ્યા છે.

કરાચી, પાકિસ્તાનમાં મેયર બ્રાઉને પાકિસ્તાન ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કપ્તાન શાહીદ અફ્રીદી સાથે મુલાકાત કરી. અફ્રિદી બ્રૅમ્પટનમાં આ ઉનાળામાં GT20 કૅનેડા ટૂર્નામેંટ માટે બ્રૅમ્પટન આવશે. બ્રૅમ્પટન ઝડપથી કૅનેડાની ક્રિકેટની રાજધાની બની રહ્યું છે અને જ્યારે ત્યાં વૈશ્વિક સ્તરની મલ્ટિ પરપઝ ક્રિકેટ ફેસિલિટી તેમના સિટી લેન્ડ્સમાં બની રહી છે.

વધુ સહયોગના અવસરોના વ્યૂહ બનાવવા માટે પ્રતિનિધિ મંડળ પંજાબ બોર્ડ ઓફ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ટ્રેડને અને પંજાબ આઈટી બોર્ડને પણ મળી ચુક્યા છે. જૂનમાં ટોરોન્ટો પ્રાંતમાં યોજાનારી વિશ્વની સૌથી મોટી ટેક કોન્ફરન્સમાંની એક એવી, કોલિઝન દરમિયાન પાકિસ્તાનથી અનેક પ્રતિનિધિમંડળોની યજમાની કરવા માટે બ્રૅમ્પટન ઉત્સુક છે.

મિશન દરમિયાન બ્રૅમ્પટનના ઈનોવેશન ડિસ્ટ્રિક્ટમાં બીહાઈવ જે એક અગ્રણી સ્ટાર્ટ અપ ઈન્ક્યુબેટર છે તે ચાવીરૂપ પ્રોત્સાહન આપતો સ્તંભ હતો. તેનો ગ્લોબલ એન્ટરપ્રિન્યોર ઈન્ક્યુબેશન પ્રોગ્રામ આંતરરાષ્ટ્રીય ઉદ્યોગસાહસિકોને ઉત્તર અમેરિકાના બજારમાં સફળ થવા માટે જરૂરી સંસાધનો મેળવવામાં મદદ કરવા માટે રચાયો છે, જે આંતરરાષ્ટ્રીય સ્ટાર્ટઅપ્સ માટે સોફ્ટ-લેન્ડિંગ સ્પેસ બનાવે છે, અને બ્રૅમ્પટનમાં વિસ્તરણ કરવા માંગતા ઉત્પાદકો સાથેની ઘણી બેઠકોમાં મુખ્ય સપોર્ટ તરીકે તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

બીહાઈવ આ વસંત ઋતુમાં આગામી સમૂહમાં પાકિસ્તાની સ્ટાર્ટઅપ્સને આવકારવા માટે આતુર છે, જેમાં MyTutorPodના સહ સ્થાપક અમે સીઈઓ અરસલાન કયાનીનો સમાવેશ થાય છે જે એક ઈનોવેટિવ એડટેક પ્લૅટફોર્મ છે જેનો હેતુ વિદ્યાર્થીઓને શિક્ષણની ઉપલબ્ધતા અને પહોંચનું કિફાયતી રીતે લોકશાહીકરણ કરવાનો છે. તેનો આધાર વ્યક્તિગત જરૂરિયાતો, આંતરરાષ્ટ્રીય સ્ટાર્ટઅપ્સ માટે સોફ્ટ લેન્ડિંગ સ્પેસ હતી અને તેમાં બ્રૅમ્પટનમાં વિસ્તાર કરવા માંગતા ઉત્પાદકો સાથેની બેઠકોનો સમાવેશ થાય છે.

સિટી ઓફ બ્રૅમ્પટનનું લક્ષ્ય ડેટા સંચાલિત વિશ્લેષણ પર આધારિત રોકાણ આકર્ષણ મિશન માટેના ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે દર્શાવે છે કે અગાઉના આંતરરાષ્ટ્રીય પ્રયાસો, બ્રૅમ્પટનના વિવિધ લોકસમૂહ, વસ્તી વિષયક સમાનતાઓ અને બિઝનેસ રિટેન્શન એન્ડ એક્સપાન્શન (BR&E) અવસરોના આધારે કયા બજારોમાં રોકાણ અને લાંબા ગાળાની રોજગારી વૃદ્ધિ માટે સૌથી મોટા અવસરો છે.

**સુવાક્યો**

"આના જેવા મિશનો મજબૂત, અને વ્યવહારુ સંબંધો બનાવવાનો પાયો છે જેથી અહીં બ્રૅમ્પટનમાં વધુ વિકાસ અને રોકાણમાં પરિણમી શકે. આ ઉનાળામાં સિટી જ્યારે GT20 ક્રિકેટ ટૂર્નામેન્ટની યજમાની કરશે અને વ્યાપારિક વિકાસ થશે તેના સંદર્ભે થયેલ સફળ વાતચીતો અને ભાવભર્યા સ્વાગત માટે અમે આભારી છીએ. અમે આપણા સિટીને નવા સોપાનો લાંઘવા માટે તૈયાર એક જબરદસ્ત કાર્યબળ સાથે જોડાયેલ સમુદાય બનાવી રહ્યા છીએ જે સર્જનાત્મક હોય અને ઈનોવેટિવ હોય. આ બધું કરી શકાશે અમારા ટોચના સ્ટાર્ટઅપ ઈન્ક્યુબેટર બીહાઈવ મારફતે અને અમે આખા વિશ્વમાંથી નવા સાહસો જે તેમના મારફતે અહીં આવશે તેને આવકારવા આતુરતાથી રાહ જોઈ રહ્યા છીએ."

*- પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

“સિટી ઓફ બ્રૅમ્પટનની ઈકોનોમિક ડેવલપમેન્ટ ઑફિસ એવી યોજનાઓ, પ્રોજેક્ટ્સ અને પહેલો વિકસાવવાનું ચાલુ રાખશે જે મુખ્ય બજારોમાં રોકાણને આકર્ષવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે જેથી કરીને પાકિસ્તાનમાં આ વર્તમાન રોકાણ આકર્ષણ મિશનની જેમ જ સિટીમાં પણ રોકાણ લાવી શકાય."

*- ક્લેર બાર્નેટ, ડાયરેક્ટર, બ્રૅમ્પટન ઈકોનોમિક ડેવલપમેન્ટ*



The Corporation of The City of Brampton
2 Wellington Street West, Brampton, ON L6Y 4R2 311 TTY: 905.874.2130

**Media Release**

કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 90,000 વ્યવસાયો છે. અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ , અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સીટી ઓફ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca